સુરત મહાનગરપાલિકા

હાઈડ્રોલિક વિભાગ

## પ્રેસનોટ

## પશ્ચિમ(રાંદેર) ઝોન વિસ્તારમાં આવેલ રાંદેર વારીગૃહ ખાતેના ૫૦ એમ.એલ.ડી. ક્ષમતાના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના આંશિક શટડાઉન લેવા બાબત તથા તે કારણે અઠવા ઝોન અંતર્ગત સંલગ્ન વિસ્તારના પાણી પુરવઠાના સમયમાં ફેરફાર અંગેની અગત્યની જાહેરાત

સુરતના શહેરીજનોને સુરત મહાનગરપાલિકા ધ્વારા અપાતી તમામ સેવાઓ શ્રેષ્ઠત્તમ કક્ષાની મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા હરહંમેશ કટીબધ્ધ છે. સુરત મહાનગરપાલિકાનાં રાંદેર વોટર વર્કસ ખાતે હયાત ૨૦૦ + ૫૦ = ૨૫૦ એમ.એલ.ડી. ક્ષમતાના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ કાર્યરત છે. જે પૈકી ૫૦ એમ.એલ.ડી. ક્ષમતાના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના ફીલ્ટર બેડમાં મોડીફીકેશન કરી સીરામીક મેમ્બ્રેન આધારીત ફીલ્ટર બેડ તૈયાર કરી ક્ષમતા વધારી ૧૬૦ એમ.એલ.ડી. કરવામાં આવનાર છે. જે માટે ૫૦ એમ.એલ.ડી. ક્ષમતાના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ તા.૦૧/૦૭/૨૦૨૪ થી તા.૧૫/૧૧/૨૦૨૪ સુધી આંશિક શટડાઉન લેવામાં આવનાર છે. **જેથી રાંદેર વોટર વર્કસ ખાતે પાણીનું ઓછું ઉત્પાદન થનાર છે.**

જે કારણે, **તા.૦૧/૦૭/૨૦૨૪ થી અઠવા વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન મારફત અપાતા સીટીલાઇટ** રોડ, ન્યુ સીટી લાઈટ રોડ(પાર્ટ), પીપલોદ ગામ, ઉમરા ગામતળ , વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી, **એસ.વી.એન.આઈ.ટી. કેમ્પસ તથા સદર વિસ્તારની આજુબાજુની સોસાયટીઓમાં સવારે ૦૮:૩૦ થી ૧૨:૦૦ કલાકના સપ્લાય સમયમાં ફેરફાર કરી સાંજે ૦૬:૦૦ થી ૦૯:૧૫ કલાક દરમ્યાન આપવામાં આવશે.**

સદર શટડાઉનના સમયગાળા દરમ્યાન રાંદેર વારી ગૃહથી પાણી પુરવઠો આપવામાં આવતા રાંદેર તથા અઠવા ઝોન સંલગ્ન તમામ વિસ્તાર/સોસાયટી/વસાહતોમાં પાણી પુરવઠો સંયમ પૂર્વક ઉપયોગ કરવા શહેરીજનોને વિનંતી છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૯૯
તા. ૨૯/૦૬/૨૦૨૪